www.prepp.in

Prepp
Your Personal Exams Guide

# GEOGRAPHY

**PAPER-II**
**SEPT-18/24**

Name & Signature of the Invigilator

..................................................

..................................................

OMR Answer Sheet No. : 

Roll No. :

(in figures as in Hall Ticket)

Roll Number in words : ..........................................

.....................................................................................

**Time : 2 Hours]** **No. of Printed Pages : 40** **[Maximum Marks : 200**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **one hundred (100)** multiple choice type of questions. All questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   - (*i*) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   - (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   - (*iii*) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example :** (A) ⬤ (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
9. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
10. Use only Blue/Black Ball point pen.
11. Use of any calculator or any electronic devices or log table etc., are prohibited.
12. There shall be no negative marking.
13. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા **સો (૧૦૦)** પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   - (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   - (*ii*) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/પૃષ્ઠો ઓછાં હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   - (*iii*) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.

   **ઉદાહરણ :** (A) ⬤ (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો ના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર–II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મુલ્યાંકન કરવામાં આવશે નહીં
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. કાચું કામ (Rough Work) પ્રશ્નપુસ્તિકાના અન્તિમ પૃષ્ઠ પર કરવું.
8. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિહ્ન કે જેનાથી તમારી ઓળખ થઈ શકે; અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમ કે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર થઈ શકો છો.
9. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજિયાત સોંપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષાખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
10. માત્ર કાળી/ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
11. કેલ્ક્યુલેટર, લોગ ટેબલ અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
12. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
13. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

Prepp
Your Personal Exams Guide

www.prepp.in

# GEOGRAPHY
## PAPER - II

# ભૂગોળ
## પેપર–II

*Note* : This paper contains **ONE HUNDRED (100)** multiple-choice/assertion/reasoning questions/matching questions. Each question carries **TWO (2)** marks. Attempt **All** the questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં સો (૧૦૦) બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના બે (૨) ગુણ છે.

---

1. The book 'Kosmos' was written by :
   (A) Alexander Von Humboldt
   (B) Friedrich Ratzel
   (C) Carl Ritter
   (D) Vidal de la blache

1. 'કોસમોસ' ગ્રંથ કોણે લખ્યો છે ?
   (A) એલેક્ઝાન્ડર વોન હમ્બોલ્ટ
   (B) ફ્રેડ્રિક રેટઝેલ
   (C) કાર્લ રિટર
   (D) વિડાલ–ડી–લા–બ્લાશ

2. Most of the river deltas in India have one of the following along their seaward edge :
   (A) Abundant plantation
   (B) Coral reef
   (C) Mangrove forest
   (D) Semi-deciduous broad leaf forest

2. નીચેના પૈકી કઈ લાક્ષણિકતા ભારતની મોટા ભાગની નદીઓનાં મુખત્રિકોણ પ્રદેશોનાં સમુદ્રતટિય કિનારા પર જોવા મળે છે ?
   (A) વિપુલ જથ્થામાં વનસ્પતિ
   (B) પરવાળાના ખરાબા
   (C) મેનગ્રુવ જંગલો
   (D) અર્ધ–ખરાઉ વિશાળ પાનવાળાં જંગલો

3. Which is meteorologically a very important gas as it is transparent to the incoming solar radiation but opaque to the outgoing terrestrial radiation ?
   (A) Argon
   (B) Carbon dioxide
   (C) Neon
   (D) Nitrogen

3. નીચેના પૈકી કયો વાયુ હવામાનની દૃષ્ટિએ ખૂબ મહત્વનો છે કારણ કે તે આવતાં સૌર વિકિરણ માટે પારદર્શક છે પરંતુ પૃથ્વીસપાટીથી થતાં વિકિરણ માટે તે અપારદર્શક છે.
   (A) આર્ગોન
   (B) કાર્બન ડાયોક્સાઈડ
   (C) નીઓન
   (D) નાઈટ્રોજન

Prepp
Your Personal Exams Guide

4. Which of the following is a cold current of the Indian Ocean ?

(A) Labrador Current

(B) Venezuele Current

(C) Canaries Current

(D) West Australian Current

5. Seasonal movement of people with their animals between high and low lands of Himalayas is known as :

(A) Nomadism

(B) Pastoralism

(C) Transhumane

(D) Ranching

6. Which one of the following is *not* correct ?

Literacy rates in India are comparatively high in :

(A) South India than in North India

(B) Coastal areas than in the interior

(C) Hindi speaking states than in non-Hindi speaking states

(D) Christian tribal areas than in non-Christian tribal areas

4. નીચેના પૈકીનો કયો હિંદ મહાસાગરનો ઠંડો પ્રવાહ છે ?

(A) લાબ્રાડોર પ્રવાહ

(B) વેનેઝુએલે પ્રવાહ

(C) કેનરીઝ પ્રવાહ

(D) વેસ્ટ ઓસ્ટ્રેલિયન પ્રવાહ

5. હિમાલયના પહાડીપ્રદેશમાં ઋતુ બદલાવાથી ઊંચાઈવાળા વિસ્તારોથી નીચાણવાળા વિસ્તારોમાં લોકોનું પ્રાણીઓ સાથે થતું સ્થળાંતર કયા નામે ઓળખાય છે ?

(A) નોમેડીઝમ

(B) પેસ્ટોરાલીઝમ

(C) ટ્રાન્સહ્યુમનસ

(D) રેન્ચીંગ

6. નીચેનામાંથી કયું એક ખોટું છે ?

ભારતમાં સાક્ષરતા દર તુલનાત્મક રીતે ઊંચો છે.

(A) દક્ષિણ ભારત કરતાં ઉત્તર ભારતમાં

(B) આંતરિક ભારત કરતાં કિનારાના વિસ્તારમાં

(C) હિન્દી બોલાતા રાજ્યો કરતાં બિન હિન્દી બોલાતા રાજ્યો

(D) ઈસાઈ જનજાતિઓના વિસ્તાર કરતાં બિન–ઈસાઈ જનજાતિનો વિસ્તાર

Prepp
Your Personal Exams Guide

7. Some kind of federalism existed throughout Indian history is reflected in the fact that the regions of India :

(A) Display unity in diversity

(B) Never recognized the supremacy of the central power

(C) Were never united

(D) Are naturally divided into self-contained units, which promoted relative isolation and growth of distinctive physical and cultural characteristics

8. Which one of the following steel plants is port based ?

(A) Bhillai

(B) Durgapur

(C) Vishakhapatnam

(D) Rourkela

9. Watershed Development Programme aims at :

(A) Development of water resources

(B) Conservation of natural resources

(C) Sustainable livelihood

(D) All the three

7. ભારતના ઇતિહાસમાં હંમેશ સંઘવાદ રહ્યો છે, તે હકીકત ભારતનાં પ્રદેશમાં પ્રતિબિંબિત થાય છે કારણ કે ભારતમાં :

(A) વિવિધતામાં એકતા રહેલી છે

(B) કેન્દ્રીય સત્તાની સર્વોપરિતા ક્યારેક માન્ય રહી નથી

(C) ક્યારેક સંગઠિત નહોતું

(D) કુદરતી રીતે સ્વયંપર્યાપ્ત વિભાગોમાં એવી રીતે વહેંચાયેલું છે કે તે સાપેક્ષ એકલતા અને પ્રાકૃતિક તથા સાંસ્કૃતિક લાક્ષણિકતાઓની વૃદ્ધિને પ્રોત્સાહન આપે છે

8. નીચેના પૈકી કયું સ્ટીલ ઉત્પાદન કેન્દ્ર, બંદર આધારિત છે ?

(A) ભિલાઈ

(B) દુર્ગાપુર

(C) વિશાખાપટ્ટનમ

(D) રૂરકેલા

9. જળસ્ત્રાવ (જળ વિભાજક) વિકાસ કાર્યક્રમનો હેતુ છે :

(A) જળ સંસાધનનો વિકાસ

(B) કુદરતી સંશાધનનું સંરક્ષણ

(C) ટકાઉ આજીવિકા

(D) ઉપરોક્ત ત્રણેય

10. Relief displacement from Aerial Photographs can be measured by :

(A) Stereoscope

(B) Pantograph

(C) Parallax Bar

(D) Planimeter

11. The approach in Geography which states that actions are motivated by cognitive process is the essence of :

(A) Behaviourism

(B) Determinism

(C) Positivism

(D) Radicalism

12. Which of the following statements regarding landslides is *true* ?

(A) They occur only during the monsoon season

(B) Only anthropogenetic factors are responsible for their occurrence

(C) They occur when the base of the slope is gentle

(D) They are sudden and sporadic

10. એરિયલ ફોટોગ્રાફમાં રિલિફ ડિસ્પ્લેસમેન્ટ કયા સાધન દ્વારા માપી શકાય છે :

(A) સ્ટીરીયોસ્કોપ

(B) પેન્ટોગ્રાફ

(C) પેરેલેક્ષ બાર

(D) પ્લેનીમીટર

11. સંકલ્પના એ ક્રિયા માટેનું પ્રેરકબળ છે તે બાબતનો નિર્દેશ કયા ભૌગોલિક અભિગમ દ્વારા થાય છે.

(A) વર્તણૂકવાદ

(B) નિયતિવાદ

(C) સકારાત્મકતાવાદ

(D) મૌલિકવાદ

12. નીચેના પૈકીનું કયું વિધાન ભૂસ્ખલન બાબતે સાચું છે ?

(A) આ ઘટના માત્ર ચોમાસા દરમ્યાન જોવા મળે છે

(B) આ ઘટના માટે માત્ર નૃવંશીય પરિબળો જવાબદાર છે

(C) જ્યાં ઢાળની તિવ્રતા ઓછી હોય ત્યાં આ ઘટના જોવા મળે છે

(D) આ ઘટના આકસ્મિક અને છૂટીછવાઈ જોવા મળે છે

Prepp
Your Personal Exams Guide

13. Distance between isotherms indicate :
(A) Temperature gradient
(B) Pressure anomaly
(C) Temperature lag
(D) Humidity anomaly

13. સમતાપ રેખા વચ્ચેનું અંતર શું સૂચવે છે ?
(A) તાપમાન પ્રવણતા/ઢોળાવ
(B) દબાણ વિસંગતિ
(C) તાપમાન મંદન (lag)
(D) આદ્રતા વિસંગતિ

14. The islands situated on the Ninetyeast Ridge are :
(A) Lakshadweep
(B) Maldives
(C) Sychelles
(D) Andaman and Nicobar

14. નીચેના પૈકી કયા ટાપુઓ નાઈનટીઈસ્ટ (Ninetyeast) પર્વતમાળાનો ભાગ છે ?
(A) લક્ષદ્વીપ
(B) માલદીવ
(C) સેશેલ્સ
(D) આંદામાન–નિકોબાર

15. Generation of nuclear power in India started with the commissioning of the first atomic power station at :
(A) Narora
(B) Kakrapara
(C) Tarapur
(D) Kalpakkam

15. ભારતમાં અણુ ઊર્જા ઉત્પાદનની શરૂઆત કયા અણુમથકની સ્થાપના દ્વારા કરવામાં આવી ?
(A) નરોરા
(B) કાકરાપારા
(C) તારાપુર
(D) કલ્પક્કમ

Prepp
Your Personal Exams Guide

**16.** Around 75 percent of the country's total urban population lives in urban centers having a population of more than :

(A) 1,00,000

(B) 50,000

(C) 20,000

(D) 10,000

**17.** From the Desh region of Maharashtra, the tributaries of which river offered convenient routes for the peopling process to Telangana and the littoral Andhra ?

(A) Cauvery

(B) Godavari

(C) Mahanadi

(D) Tapi

**18.** Which region is drained by the tributaries of Godavari ?

(A) Baghelkhand Plateau

(B) Madhya Bharat Pathar

(C) Dandakaranya

(D) Garhjat Hills

**16.** રાષ્ટ્રની કુલ શહેરી વસ્તીના આશરે 75 ટકા વસ્તી એવા શહેરી કેન્દ્રોમાં રહે છે જ્યાં વસ્તી નીચેના પૈકી ........ થી વધુ છે.

(A) 1,00,000

(B) 50,000

(C) 20,000

(D) 10,000

**17.** મહારાષ્ટ્રના દેશ પ્રદેશથી તેલંગાણા અને આંધ્ર તરફ સ્થળાંતરિત થતી પ્રજાનો માર્ગ કઈ નદીની પ્રશાખાએ અનુકૂળ કરી આપ્યો હતો ?

(A) કાવેરી

(B) ગોદાવરી

(C) મહાનદી

(D) તાપી

**18.** નીચેના પૈકી ક્યા પ્રદેશમાં ગોદાવરી નદીની શાખા નદીઓ આવેલી છે ?

(A) બાઘેલખંડનો ઉચ્ચપ્રદેશ

(B) મધ્ય ભારતનો પઠાર પ્રદેશ

(C) દંડકારણ્ય

(D) ગઢજાત ટેકરીઓ

Prepp
Your Personal Exams Guide

19. Regional planning was attempted using the concept of River Basin in which of the following ?

(A) Damodar Valley Corporation

(B) Dandakaranya Development Programme

(C) Sardar Sarovar Project

(D) Tungabhadra River Valley Project

19. નદી ક્ષેત્ર (બેસિન) ની સંકલ્પના પર પ્રાદેશિક આયોજનનો પ્રયત્ન નીચે પૈકી કયો હતો ?

(A) દામોદર વેલી કોર્પોરેશન

(B) દંડકારણ્ય વિકાસ કાર્યક્રમ

(C) સરદાર સરોવર પ્રકલ્પ

(D) તુંગભદ્રા નદી ખીણ યોજના

20. The Representative Fraction (RF) of the Toposheet Number 72 F/11 would be :

(A) 1 : 10,00,000

(B) 1 : 2,50,000

(C) 1 : 1,00,000

(D) 1 : 50,000

20. સ્થળવર્ણન નકશા નંબર 72 F/11 નો પ્રતિનિધિક અપૂર્ણાંક (RF) ........ હોય.

(A) 1 : 10,00,000

(B) 1 : 2,50,000

(C) 1 : 1,00,000

(D) 1 : 50,000

21. The definition of Geography given by Humboldt was in conformity with that of :

(A) Kant

(B) Gerland

(C) Strabo

(D) Herodotus

21. નીચેના પૈકી કયા ભૂગોળવેત્તા દ્વારા અપાયેલ ભૂગોળની વ્યાખ્યાને હમબોલ્ટ દ્વારા પ્રમાણિત કરવામાં આવી હતી ?

(A) કાન્ટ

(B) ગરલેન્ડ

(C) સ્ટ્રેબો

(D) હેરોડોટસ

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

22. Which of the following is a mineral ?

(A) Sandstone

(B) Chalk

(C) Quartz

(D) Mudstone

23. Which of the following are the dominant constituents of the atmosphere ?

(A) Oxygen and hydrogen

(B) Oxygen and nitrogen

(C) Oxygen and carbon dioxide

(D) Oxygen and helium

24. The tides are highest along which of the following coasts ?

(A) Tamil Nadu

(B) Andhra Pradesh

(C) Odisha

(D) West Bengal

22. નીચેના પૈકી 'ખનીજ' કયું છે ?

(A) સેન્ડસ્ટોન

(B) ચોક

(C) ક્વાર્ટ્ઝ

(D) મડસ્ટોન

23. નીચેના પૈકી કયા વાતાવરણનાં બહુ પ્રભાવી ઘટકો છે ?

(A) ઓક્સીજન અને હાઈડ્રોજન

(B) ઓક્સીજન અને નાઈટ્રોજન

(C) ઓક્સીજન અને કાર્બન ડાયોક્સાઈડ

(D) ઓક્સીજન અને હિલિયમ

24. નીચેના પૈકી કયા દરિયા કિનારે ભરતી સૌથી વધુ જોવા મળે છે ?

(A) તામિલનાડુ

(B) આંધ્રપ્રદેશ

(C) ઓડિશા

(D) પશ્ચિમ બંગાળ

Prepp Your Personal Exam Guide

Prepp
Your Personal Exams Guide

25. Find the odd one from the given names :

(A) Mineral resources

(B) Forest resources

(C) Petrolium resources

(D) Nuclear resources

25. નીચેના પૈકી કયા સંસાધન અન્ય સાથે સુસંગત નથી ?

(A) ખનીજ સંસાધન

(B) જંગલ સંસાધન

(C) પેટ્રોલિયમ સંસાધન

(D) અણુ સંસાધન

26. Which form of settlement develops along either side of roads, rivers or canals ?

(A) Circular

(B) Cross-shaped

(C) Linear

(D) Square

26. વસાહત તેના કયા સ્વરૂપ કે તરાહમાં સડક, નદી કે કેનાલની બાજુએ વિકાસ પામે છે.

(A) વર્તુળાકાર

(B) ચોકડી આકાર

(C) રેખીયકાર

(D) ચોરસાકાર

27. Which language speaking families share the same macro region of the Indian Sub-continent ?

(A) Aryan and Dravidian

(B) Dravidian and Nishada

(C) Aryan and Nishada

(D) Dravidian and Kirata

27. ભારતીય ઉપખંડનાં સમાન બૃહદ પ્રદેશને કયું ભાષાકુળ વહેંચે છે ?

(A) આર્યન અને દ્રવિડિયન

(B) દ્રવિડિયન અને નિષાદ

(C) આર્યન અને નિષાદ

(D) દ્રવિડિયન અને કિરાતા

Prepp
Your Personal Exams Guide

28. The gorges of Indus, Sutlej and Alaknanda indicate :

(A) Rivers are older than the mountains

(B) Rivers are flowing from North to South

(C) Increase in height of the Tibetan Plateau

(D) Rivers are younger than the mountains

28. સિંધુ, સતલજ અને અલકનંદા નદીઓની ઊંડી અને સીધી બાજુઓવાળી ખીણ (ગોર્જ) દર્શાવે છે કે :

(A) આ નદીઓ પર્વત કરતાં જૂની/પહેલાં નિર્માણ પામેલ, છે

(B) આ નદીઓ ઉત્તરથી દક્ષિણ તરફ વહે છે

(C) તિબેટના ઉચ્ચપ્રદેશની ઊંચાઈ વધી રહી છે

(D) આ નદીઓ પર્વત કરતાં નાની/પછી નિર્માણ પામેલ, છે

29. Which of the following programmes is applicable to urban areas ?

(A) JNURM

(B) NRHM

(C) DPAP

(D) ITDP

29. નીચેના પૈકીનો કયો કાર્યક્રમ શહેરી વિસ્તાર માટે લાગુ પડે છે :

(A) જે.એન.યુ.આર.એમ.

(B) એન.આર.એચ.એમ.

(C) ડી.પી.એ.પી.

(D) આઈ.ટી.ડી.પી.

30. Age-Sex distribution of population can be best represented through :

(A) Pie Diagram

(B) Pyramid Diagram

(C) Bar Diagram

(D) Divided Rectangles

30. વસ્તીનું વય–લિંગ વિતરણ નીચેનામાંથી કઈ પદ્ધતિ દ્વારા સારી રીતે દર્શાવી શકાય છે.

(A) પાઈ ડાયાગ્રામ

(B) પિરામિડ ડાયાગ્રામ

(C) બાર ડાયાગ્રામ

(D) ડિવાઈડેડ રેક્ટેન્ગલ્સ

31. Who stressed on the study of inherited traits/cultural borrowings in understanding man's adjustment to nature ?

(A) Alfred Hettner

(B) Ferdinand Von Richthofen

(C) Halford J. Mackinder

(D) Vidal-de-la-Blache

31. કુદરત સાથેના માનવીના સમાયોજનને સમજવામાં વારસાગત લક્ષણ/સાંસ્કૃતિક ઋણાનુબંધ ભાગ ભજવે છે એ તથ્ય ઉપર નીચેના પૈકી કયા ભૂગોળશાસ્ત્રીએ વધુ ભાર આપ્યો હતો ?

(A) આલ્ફ્રેડ હેટનર

(B) ફર્ડિનાન્ડ વોન રિકથોફેન

(C) હાલફોર્ડ જે. મેકિન્ડર

(D) વિડાલ–ડી–લા–બ્લાશ

32. Which of the following is the appropriate combination of landforms created by rejuvenated river ?

(1) Paired terrace

(2) Knick point

(3) Alluvial plain

(4) Incised meanders

(A) 1, 2, 3 are correct

(B) 1, 2, 4 are correct

(C) 2, 3, 4 are correct

(D) 1, 2, 3 and 4 are correct

32. નદીના કાયાકલ્પના કારણે નીચેના પૈકી કયા ભૂમિસ્વરૂપોનાં સમૂહનું નિર્માણ થાય છે ?

(1) નદીની જોડીદાર પગથીઓ

(2) નીક પોઈન્ટ

(3) કાંપના મેદાન

(4) નદીના ઊંડા કોતરાયેલા સર્પાકાર વહન માર્ગો

(A) 1, 2, 3 નિર્માણ થાય છે

(B) 1, 2, 4 નિર્માણ થાય છે

(C) 2, 3, 4 નિર્માણ થાય છે

(D) 1, 2, 3 અને 4 નિર્માણ થાય છે

www.prepp.in

33. Which of the following is *not* an air pollutant ?

(A) Smoke

(B) Carbon dioxide

(C) Nitrogen

(D) Sulphur dioxide

34. Which one of the following factors is a cause of warmer climate of North-Western part of South America ?

(A) El Nino current

(B) Westerly wind

(C) Peru current

(D) Closeness of the sea

35. Intensity of irrigation is defined as :

(A) % of area under double cropping

(B) % of well irrigated area to the net irrigated area

(C) % of net irrigated area to net sown area

(D) % of net irrigated area to the total geographical area

33. નીચેના પૈકી કયું હવાનું પ્રદૂષક નથી ?

(A) ધુમાડો

(B) કાર્બન ડાયોક્સાઈડ

(C) નાઈટ્રોજન

(D) સલ્ફર ડાયોક્સાઈડ

34. દક્ષિણ અમેરિકાના ઈશાન ભાગમાં હૂંફાળી – ગરમ આબોહવાનું કારણ શું છે ?

(A) અલનીનો પ્રવાહો

(B) પશ્ચિમિયા પવનો

(C) પેરૂ પ્રવાહ

(D) દરિયાથી ઓછું અંતર

35. સિંચાઈની સઘનતાની વ્યાખ્યા :

(A) વર્ષમાં બે વાર પાક લેવાતો હોય તેવા વિસ્તારના ટકા/%

(B) કુલ સિંચાઈ વિસ્તારના પ્રમાણમાં કૂવા દ્વારા સિંચાઈ થતી હોય તેવા વિસ્તારના ટકા/%

(C) કુલ વાવેતર વિસ્તારના પ્રમાણમાં કુલ સિંચાઈ વિસ્તારના ટકા/%

(D) કુલ ભૌગોલિક વિસ્તારના પ્રમાણમાં સિંચિત વિસ્તારના ટકા/%

www.prepp.in
Prepp
Your Personal Exams Guide

36. Settlements are generally classified on the basis of :

(A) Form, size and function

(B) Location, size and function

(C) Site, form and location

(D) Situation, location and form

36. સામાન્ય રીતે વસાહતના વર્ગીકરણનો આધાર ......... શેના ......... પર હોય છે.

(A) સ્વરૂપ, કદ અને કાર્ય

(B) સ્થાન, કદ અને કાર્ય

(C) જગ્યા, સ્વરૂપ અને સ્થાન

(D) સ્થિતિ, સ્થાન અને સ્વરૂપ

37. Social evolution of language is believed to have arisen with the discovery of the art of :

(A) Agriculture

(B) Music

(C) Tool-making

(D) Writing

37. નીચેના પૈકી કઈ કળાની શોધ સાથે, ભાષાની સામાજિક ઉત્ક્રાંતિ થઈ હોવાનું માનવામાં આવે છે ?

(A) ખેતી

(B) સંગીત

(C) ઉપકરણ નિર્માણ

(D) લેખન

38. Which one of the following is *not* a fact regarding South India ?

(A) Diurnal range of temperature is less here

(B) Annual range of temperature is less here

(C) Temperatures here are high throughout the year

(D) Extreme climatic conditions are found here

38. નીચેના પૈકીનું કયું વિધાન દક્ષિણ ભારતનાં સંદર્ભે સાચું નથી ?

(A) અહીં દૈનિક તાપમાન ગાળો ઓછો છે

(B) અહીં વાર્ષિક તાપમાન ગાળો ઓછો છે

(C) સમગ્ર વર્ષ દરમ્યાન અહીં ઊંચું તાપમાન જોવા મળે છે

(D) આબોહવાની તીવ્રતાની પરિસ્થિતિ અહીં જોવા મળે છે

Prepp
Your Personal Exams Guide

39. Multiple Nuclei Model of city growth was proposed by :

(A) C. Harris and E. Ullman

(B) Homer Hoyt

(C) E. Burgess

(D) Von Thunen

40. In which of the following colour, is 'vegetation' shown in false colour composite images :

(A) Yellow

(B) Green

(C) Blue

(D) Red

41. Humboldt studied the rocks of the Andes Mountains and disproved the earlier theory of sedimentary origin of all rocks proposed by :

(A) Buache

(B) Bonpland

(C) Davis

(D) Werner

39. શહેરી વૃદ્ધિનું બહુકેન્દ્રીય મોડેલ સિદ્ધાંત કોણે રજૂ કરેલ છે ?

(A) સી. હેરિસ અને ઈ. ઉલ્માન

(B) હોમર હોયેટ

(C) ઈ. બર્ગેસ

(D) વોન થ્યુનેન

40. 'ફોલ્સ કલર કમ્પોસીટ' સેટેલાઈટ ઈમેજમાં વનસ્પતિના વિસ્તારનો રંગ કયો હોય છે ?

(A) પીળો

(B) લીલો

(C) વાદળી

(D) લાલ

41. બધાં ખડકોનો ઉદ્‌ભવ જળકૃત ખડકો દ્વારા થયો છે આ સિદ્ધાંત અગાઉ કોણે રજૂ કરેલ છે. જેનું ખંડન હમબોલ્ટે એન્ડિઝ પર્વતમાળાના ખડકોના અભ્યાસ દ્વારા કર્યું ?

(A) બોચે

(B) બોનપ્લાન્ડ

(C) ડેવિસ

(D) વેરનર

42. The concept of Panplane was first given by :

(A) Davis

(B) Penk

(C) Crickmay

(D) King

42. 'પાનપ્લેન' ની વિભાવના કોણે સૌ પ્રથમ વાર રજૂ કરી હતી ?

(A) ડેવીસ

(B) પેન્ક

(C) ક્રિકમે

(D) કિંગ

43. The zone where North-East and South-East trade winds converge is known as :

(A) Inter Trade Convergence Zone

(B) Intra Trade Convergence Zone

(C) Inter Tropical Convergence Zone

(D) Intra Tropical Convergence Zone

43. ઈશાન દિશા તરફથી અને અગ્નિ દિશા તરફથી વાતા વ્યાપારી પવનોનાં અભિસરણને ઓળખાવે છે :

(A) આંતરિક વ્યાપારી અભિસરણ ક્ષેત્ર

(B) આંતર વ્યાપારી અભિસરણ ક્ષેત્ર

(C) આંતરિક ઉષ્ણકટિબંધીય અભિસરણ ક્ષેત્ર

(D) આંતર ઉષ્ણકટિબંધીય અભિસરણ ક્ષેત્ર

44. Surface ocean currents transfer heat from :

(A) Greater depths to sea surface

(B) Higher to lower latitudes

(C) Sea surface to greater depth

(D) Lower to higher latitudes

44. મહાસાગરીય સપાટી પ્રવાહો ઉષ્મા વહન કેવી રીતે કરે છે ?

(A) વધુ ઊંડાઈથી સમુદ્રસપાટી તરફ

(B) ઊંચા અક્ષાંશથી નીચા અક્ષાંશ તરફ

(C) સમુદ્ર સપાટીથી વધુ ઊંડાઈ તરફ

(D) નીચા અક્ષાંશથી ઊંચા અક્ષાંશ તરફ

Prepp
Your Personal Exams Guide

45. The per capita income of a country is worked out by :

(A) Gross National Product and Gross Domestic Product

(B) Gross National Product

(C) Gross Domestic Product

(D) Human Poverty Index and Human Development Index

46. Which one of the following explains the best about population explosion ?

(A) High birth rate and high death rate

(B) High birth rate and low death rate

(C) Low birth rate and high death rate

(D) Low birth rate and low death rate

47. The census of which year is a rich source of data on the population of castes ?

(A) 1921

(B) 1931

(C) 1941

(D) 1951

45. દેશના નાગરિકની માથાદીઠ આવકની ગણતરી કરવા માટે શું ધ્યાનમાં લેવાય છે ?

(A) કુલ રાષ્ટ્રીય ઉત્પાદન અને કુલ ઘરેલું ઉત્પાદન

(B) કુલ રાષ્ટ્રીય ઉત્પાદન

(C) કુલ ઘરેલું ઉત્પાદન

(D) માનવ ગરીબી આંક અને માનવ વિકાસ આંક

46. નીચેના પૈકી આ કઈ સ્થિતિ વસ્તી વિસ્ફોટ માટે સૌથી વધુ અસરકારક છે ?

(A) ઊંચો જન્મદર અને ઊંચો મૃત્યુદર

(B) ઊંચો જન્મદર અને નીચો મૃત્યુદર

(C) નીચો જન્મદર અને ઊંચો મૃત્યુદર

(D) નીચો જન્મદર અને નીચો મૃત્યુદર

47. જ્ઞાતિ આધારિત વસ્તીની માહિતી માટે ક્યા વર્ષની જનગણના ઉત્તમ સ્રોત છે ?

(A) 1921

(B) 1931

(C) 1941

(D) 1951

Prepp
Your Personal Exams Guide

48. What is common among Shimla, Panaji, Pondicherry and Asansol. All of them are :

(*i*) Major towns that came up during British period

(*ii*) The towns are result of efforts made by Britishers, Portuguese, Dutch and French

(*iii*) Towns which developed as major towns in independent India

(A) (*i*) and (*ii*)

(B) (*ii*) and (*iii*)

(C) (*i*) and (*iii*)

(D) All the three

48. શીમલા, પણજી, પોંડિચેરી અને આસનસોલ શહેરોમાં શું સામ્યતા છે ?

(*i*) બ્રિટીશ સમય દરમ્યાન આ શહેરો ઉદ્‌ભવ પામ્યાં છે.

(*ii*) બ્રિટીશર, પોર્ટુગીઝ, ડચ અને ફ્રેંચ લોકોના પ્રયત્નોથી આ શહેરો બન્યાં છે.

(*iii*) સ્વતંત્ર ભારતમાં આ શહેરોનો મુખ્ય શહેરો તરીકે વિકાસ થયો છે.

(A) (*i*) અને (*ii*)

(B) (*ii*) અને (*iii*)

(C) (*i*) અને (*iii*)

(D) ઉપરનાં ત્રણેય

49. Which analysis is used to determine the optimal location of central facilities in order to minimize movement and other costs ?

(A) Input-Output

(B) Social Area

(C) Economic Base

(D) Location-Allocation

49. આવનજાવનની અને અન્ય કિંમત મર્યાદિત રાખવા માટેની કેન્દ્રીય સગવડ માટેનું ઈષ્ટતમ સ્થાન નક્કી કરવા માટે નીચેના પૈકી કઈ પદ્ધતિ સૌથી વધુ અસરકારક છે ?

(A) ઈનપુટ–આઉટપુટ

(B) સામાજિક વિસ્તાર

(C) આર્થિક આધાર

(D) સ્થાન–અસ્થાન નિર્ધારણ

50. Which one of the following is the measure of dispersion ?

(A) Median

(B) Mode

(C) Standard deviation

(D) Arithmetic mean

50. નીચેનામાંથી કઈ પદ્ધતિથી પ્રસરણ મપાય છે ?

(A) મધ્યસ્થ

(B) બહુલક

(C) પ્રમાણિત વિચલન

(D) અંકાત્મક મધ્યક

51. Whose scientific stance was teleological ?

(A) Hettner

(B) Humboldt

(C) Richthofen

(D) Ritter

51. હેતુવાદનું વૈજ્ઞાનિક વલણ કોણે સ્વીકાર્યું હતું ?

(A) હેટનર

(B) હમ્બોલ્ટ

(C) રિકથોફેન

(D) રિટર

52. Rocky deserts are known as :

(A) Regs

(B) Hammadas

(C) Bajadas

(D) Ergs

52. ખડકાળ રણ કયા નામે ઓળખાય છે ?

(A) રેગસ

(B) હમ્માડાઝ

(C) બજાડાઝ

(D) ઈરેગસ

www.prepp.in

53. The wind which flows down the slopes of the inland mountains during winter season is known as :

(A) Anabatic

(B) Trade wind

(C) Katabatic

(D) Westerly wind

53. શિયાળાની ઋતુ દરમ્યાન જે પવનો, પર્વતોના આંતરિક વિસ્તારોમાં ઢોળાવથી નીચેની તરફ ગતિ કરે છે તે કયા નામે ઓળખાય છે ?

(A) એનાબેટિક

(B) વ્યાપારી પવનો

(C) કેટાબેટિક

(D) પશ્ચિમિયા પવનો

54. Which type of natural hazard causes maximum damage to human life and property ?

(A) Hydrological

(B) Hydro-meteorological

(C) Geological

(D) Biological

54. કયા પ્રકારના કુદરતી પ્રકોપના કારણે માનવજીવન તથા મિલ્કતનું સૌથી વધુ નુકસાન થાય છે ?

(A) જલીય

(B) જળ–હવામાનીય

(C) ભૂસ્તરીય

(D) જૈવિક

prepp
Your Personal Exams Guide

55. The following statements are related to 'Dry Farming', state which of the following is *'true'* ?

(A) It is a system of farming which depends on soil moisture conservation and not irrigation

(B) It is important in areas with adequate irrigation facility

(C) Dry farming areas have high agricultural efficiency

(D) All the above three statements are true

56. As per the Census of India classification of towns, Class-III towns have a population of :

(A) 50,000 to 99,999

(B) 20,000 to 49,999

(C) 10,000 to 19,999

(D) 5,000 to 9,999

55. નીચેના વિધાનો 'સૂકીખેતી' સાથે સંકળાયેલાં છે તેમાંથી સાચું વિધાન કયું છે તે જણાવો.

(A) આ એવી ખેતી પદ્ધતિ છે જે સિંચાઈ ઉપર નહિ પણ જમીનની ભેજગ્રહણશક્તિ ઉપર આધારિત છે

(B) સિંચાઈની પુરતી સગવડ હોય તેવાં પ્રદેશોમાં તે વધુ મહત્વની છે

(C) સૂકી ખેતીના વિસ્તારો વધુ ખેતીકીય ક્ષમતા ધરાવે છે

(D) ઉપરના ત્રણેય વિધાનો સાચાં છે

56. ભારતીય જનગણના અનુસાર શહેરોના વર્ગીકરણમાં વર્ગ–૩ ના શહેરોમાં કેટલી વસ્તી હોય છે ?

(A) 50,000 થી 99,999

(B) 20,000 થી 49,999

(C) 10,000 થી 19,999

(D) 5,000 થી 9,999

Prepp
Your Personal Exams Guide

57. The first linguistic survey of India was conducted by :

(A) Barber

(B) Emeneauc

(C) Grierson

(D) Khubchandani

58. Match List I (Tribes) with List II (Regions) and find the *correct* link among the given answers :

| List I Tribes | | List II Regions | |
|---|---|---|---|
| (*a*) | Abors | (1) | Madhya Pradesh |
| (*b*) | Bhils | (2) | Himachal Pradesh |
| (*c*) | Gaddis | (3) | Andhra Pradesh |
| (*d*) | Onges | (4) | Little Andaman |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (1) | (4) | (2) | (3) |
| (B) | (2) | (1) | (3) | (4) |
| (C) | (3) | (1) | (2) | (4) |
| (D) | (4) | (2) | (1) | (3) |

57. ભાષા આધારિત જનગણના કોણે શરૂ કરી હતી ?

(A) બાર્બર

(B) ઈમેનુ

(C) ગ્રીઅરસન

(D) ખૂબચંદાની

58. નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડવા માટે સાચી રેખા શોધો :

| યાદી I જનજાતિ | | યાદી II પ્રદેશ | |
|---|---|---|---|
| (*a*) | અબોર્સ | (1) | મધ્યપ્રદેશ |
| (*b*) | ભીલ | (2) | હિમાચલ પ્રદેશ |
| (*c*) | ગદ્દીસ | (3) | આંધ્ર પ્રદેશ |
| (*d*) | ઓંગસ | (4) | લિટલ આંદામાન |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (1) | (4) | (2) | (3) |
| (B) | (2) | (1) | (3) | (4) |
| (C) | (3) | (1) | (2) | (4) |
| (D) | (4) | (2) | (1) | (3) |

59. Block Level Planning can be classified as :

(A) Macro Level Planning

(B) Meso Level Planning

(C) Micro Level Planning

(D) Sectoral Planning

60. A map with a scale of 1 : 250,000 can be enlarged four times of its area. What will be the new scale ?

(A) 1 : 1,000,000

(B) 1 : 5,00,000

(C) 1 : 1,25,000

(D) 1 : 62,500

61. Find the *correct* order of philosophers on the basis of the progress of view on man-environment relationship.

(A) Taylor, Blache, Ratzel

(B) Taylor, Ratzel, Blache

(C) Blache, Ratzel, Taylor

(D) Ratzel, Blache, Taylor

59. બ્લોક લેબલ પ્લાનીંગ કયા વર્ગીકરણનો ભાગ છે ?

(A) બૃહદ્ સ્તરીય આયોજન

(B) મધ્ય સ્તરીય આયોજન

(C) સૂક્ષ્મ સ્તરીય આયોજન

(D) ખંડીય આયોજન

60. 1 : 250,000 પ્રમાણમાપનાં નકશાને જો ચાર ગણો વિસ્તૃત/મોટો કરવામાં આવે તો નવા નકશાનું પ્રમાણમાપ હોય :

(A) 1 : 1,000,000

(B) 1 : 5,00,000

(C) 1 : 1,25,000

(D) 1 : 62,500

61. માનવ–પર્યાવરણ સંબંધ અંગેના મંતવ્યની પ્રગતિના આધારે તત્વવેત્તાનો કયો ક્રમ યોગ્ય છે તે શોધો :

(A) ટેલર, બ્લાશ, રેટ્ઝેલ

(B) ટેલર, રેટ્ઝેલ, બ્લાશ

(C) બ્લાશ, રેટ્ઝેલ, ટેલર

(D) રેટ્ઝેલ, બ્લાશ, ટેલર

Prepp
Your Personal Exams Guide

62. Ancient beach ridges are indications of :

(A) Retrogradation of the coast

(B) Progradation of the coast

(C) Oscilating of the coast

(D) Degradation of the coast

62. પ્રાચીન દરિયાઈ રેતપટની હારમાળા શું સૂચવે છે ?

(A) દરિયાકિનારાનું પ્રતિગમન

(B) દરિયાકિનારાનું તટ ઉત્ક્રમણ

(C) દરિયાકિનારાનું ડોલન

(D) દરિયાકિનારાનું અવક્રમણ

63. What generally happens to air temperature as we move up in the troposphere ?

(A) Decreases

(B) Increases

(C) Remains same as in troposphere

(D) None of the above

63. ક્ષોભઆવરણથી સમતાપ આવરણ ઉપર ખસતાં જઈએ તેમ હવાના તાપમાનમાં શું ફેરફાર થાય :

(A) ઘટે છે

(B) વધે છે

(C) ક્ષોભઆવરણની જેમ જ વર્તે છે

(D) ઉપર પૈકી એકપણ નહીં

64. The study of relationship of individual species to its environment is called :

(A) Autecology

(B) Synecology

(C) Habitat ecology

(D) Paleoecology

64. વૈયક્તિક પ્રજાતિઓ અને તેના પર્યાવરણના સંબંધોના અભ્યાસને કહે છે :

(A) સ્વપરિસ્થિતિ વિજ્ઞાન

(B) સમૂહ પરિસ્થિતિ વિજ્ઞાન

(C) વસવાટ પરિસ્થિતિ વિજ્ઞાન

(D) પુરા–પરિસ્થિતિ વિજ્ઞાન

65. In larger region there are many small towns, a smaller number of medium sized towns and relatively few large cities, principle that explains it is known as :

(A) Central place theory

(B) Census classification of towns

(C) Demographic transition theory

(D) Rank-size-rule

66. A town whose name appears in the old record book but is no longer inhabited is called a :

(A) Ghost Town

(B) Lost Town

(C) Engrossed Town

(D) Old Town

67. The concept of Heartland was propounded by :

(A) Hartshorne

(B) Mackinder

(C) Hitler

(D) Semple

65. વિશાળ વિસ્તારમાં જ્યાં ઘણાં નાના શહેરો, પ્રમાણમાં ઓછા મધ્યમ કદનાં શહેરો અને ખૂબ ઓછાં મોટા શહેરો આવેલા હોય તેવાં વિસ્તારને કયા સિદ્ધાંત દ્વારા સમજાવી શકાય ?

(A) કેન્દ્રિય સ્થાન સિદ્ધાંત

(B) વસ્તી ગણતરી આધારિત શહેરોનું વર્ગીકરણ

(C) વસ્તી સંક્રમણ સિદ્ધાંત

(D) ક્રમ–કદ–નિયમ/રેન્ક સાઈઝ રૂલ

66. એવું શહેર જેનું નામ જૂની નોંધણી બુકમાં છે પણ ત્યાં વસ્તી નથી તેને કયું શહેર કહેવાય ?

(A) ઘોસ્ટ ટાઉન

(B) લોસ્ટ ટાઉન

(C) એન્ગ્રોસ્ડ ટાઉન

(D) ઓલ્ડ ટાઉન

67. 'હાર્ટલેન્ડ' ની વિભાવના કોણે આપી હતી ?

(A) હાર્ટશોર્ન

(B) મેકિન્ડર

(C) હિટલર

(D) સેમ્પલ

68. The rivers having their source of origin near lake Mansarovar are :

(A) Ganga, Yamuna, Indus

(B) Ganga, Indus, Brahmaputra

(C) Brahmaputra, Indus, Sutlej

(D) Ganga, Yamuna, Brahmaputra

69. Which of the following is *not* a characteristic of the Central Business District ?

(A) Accessibility

(B) Multistoried buildings

(C) High land value

(D) Lots of open space

70. Which of the following technology uses satellite ranging technique to determine the three-dimensional coordinates of a point on the ground ?

(A) GPSS (Global Positioning Satellite System)

(B) GIS (Geographic Information System)

(C) WLL (Wireless in Local Loop)

(D) CDMA (Code Division Multiple Access)

68. કઈ કઈ નદીઓનું ઉદ્‌ભવસ્થાન માનસરોવર નજીક છે ?

(A) ગંગા, યમુના, સિંધુ

(B) ગંગા, સિંધુ, બ્રહ્મપુત્ર

(C) બ્રહ્મપુત્ર, સિંધુ, સતલજ

(D) ગંગા, યમુના, બ્રહ્મપુત્ર

69. નીચેના પૈકી કયું કેન્દ્રીય નગરક્ષેત્રનું લક્ષણ નથી ?

(A) સુગમતા

(B) બહુમાળી ઈમારતો

(C) જમીનની ઊંચી કિંમત

(D) વિશાળ ખુલ્લી જગ્યા

70. પૃથ્વી સપાટી ઉપર કોઈ એક સ્થળનાં ત્રિ–પરિમાણિય કો–ઓરડિનેટસ જાણવા માટે ઉપગ્રહની મદદથી કાર્યરત કઈ ટેકનોલોજીનો ઉપયોગ થાય છે ?

(A) GPSS (Global positioning satellite system)

(B) GIS (Geographic information system)

(C) WLL (Wireless in local loop)

(D) CDMA (Code division multiple access)

71. While Davis's concept projected geography as the study of man-land relationships from a deterministic perspective, geography as the study of covariants of human distribution over the earth's surface was viewed by :

(A) Hettner

(B) Ratzel

(C) Richthofen

(D) Schluter

71. ડેવિસની સંકલ્પના જ્યારે પ્રક્ષેપિત ભૂગોળ એ માનવ–ભૂમિ સંબંધો માટેની નિર્ણાયક પરિપ્રેક્ષ્યની છે તો સમગ્ર પૃથ્વી સપાટીના માનવ વિતરણના સહચરનો અભ્યાસ ભૂગોળ છે તે કોણે સૂચવ્યું છે ?

(A) હેટનર

(B) રેટઝેલ

(C) રિકથોફેન

(D) સલ્યુટર

72. The Sunda French is a boundary between :

(A) Indo-Australian Plate and Burmese Plate

(B) Asiatic Plate and Pacific Plate

(C) Asiatic Plate and African Plate

(D) Asiatic Plate and European Plate

72. 'સુન્ડા ફ્રેન્ચ' કઈ બે ભૂતક્તિ વચ્ચે આવેલી છે ?

(A) ઈન્ડો–ઓસ્ટ્રેલિયન ભૂતક્તિ અને બર્મિઝ ભૂતક્તિ

(B) એશિયાટીક ભૂતક્તિ અને પેસિફિક ભૂતક્તિ

(C) એશિયાટીક ભૂતક્તિ અને આફ્રિકન ભૂતક્તિ

(D) એશિયાટીક ભૂતક્તિ અને યુરોપીયન ભૂતક્તિ

73. 'Heat Waves' are declared in India when the daily maximum temperature exceeds :

(A) 35°C

(B) 40°C

(C) 45°C

(D) 50°C

74. Which of the following statements is *not* correct ?

(A) Flow of energy in an ecosystem is unidirectional from herbivores to carnivores

(B) In a food chain, transfer of materials taken place through cycling

(C) Top carnivorus always get more energy than organisms present nearer to the producer

(D) Unidirectional flow of energy prevents the ecosystem from collapsing

73. ભારતમાં કોઈ સ્થળે જ્યારે દૈનિક મહત્તમ તાપમાન કેટલા અંશ સેલ્સિયસથી વધારે નોંધાય ત્યારે ત્યાં હિટ વેવ/ગરમીનું મોજું જાહેર કરવામાં આવે છે.

(A) 35°C

(B) 40°C

(C) 45°C

(D) 50°C

74. નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) ઈકોસિસ્ટમમાં શક્તિનો પ્રવાહ એક દિશામાં, તૃણભક્ષીથી માંસભક્ષી તરફ વહે છે

(B) ખોરાક શ્રૃંખલામાં પદાર્થનું વહન ચક્રાકાર ગતિમાં થાય છે

(C) ઉચ્ચ માંસાહારી હંમેશા ઉત્પાદકની નજીકના જીવતંત્ર કરતાં વધુ શક્તિ (energy) મેળવે છે

(D) એક દિશામાં જતો શક્તિનો પ્રવાહ ઈકો સિસ્ટમને પડી ભાંગતા રોકે છે

Prepp
Your Personal Exams Guide

75. **Statement I :**

In the tropics altitude is very important for agricultural land use.

**Statement II :**

There is an upper limit for the location of favourable land for agricultural pursuits.

(A) Both are true and statement II is the correct explanation to statement I

(B) Both are true but statement II is not the correct explanation to statement I

(C) Statement I is correct and statement II is incorrect

(D) Statement I is incorrect and statement II is correct

76. Infant mortality refers to the death of a child :

(A) Within 1 year of birth

(B) Within 1 month of birth

(C) Within 1 week of birth

(D) Within 1 day of birth

75. **વિધાન I :**

ઉષ્ણકટિબંધિય પ્રદેશમાં ખેતીકીય ભૂમિઉપયોગ માટે સમુદ્રસપાટીથી ઊંચાઈ એક અગત્યનું પરિબળ છે.

**વિધાન II :**

અનુકૂળ ખેતીકિય જમીન માટે ઊંચાઈની મર્યાદા ભાગ ભજવે છે.

(A) બંને વિધાન સાચાં છે અને વિધાન II, વિધાન I નું સમર્થન કરે છે

(B) બંને વિધાન સાચાં છે પણ વિધાન II, વિધાન I નું સમર્થન કરતું નથી

(C) વિધાન I સાચું છે જ્યારે વિધાન II ખોટું છે

(D) વિધાન I ખોટું છે જ્યારે વિધાન II સાચું છે

76. બાળમૃત્યુ એટલે જન્મ પછી ....... સમયગાળામાં બાળકનું મૃત્યુ થાય તે.

(A) એક વર્ષથી ઓછા સમયમાં

(B) એક મહિનાથી ઓછા સમયમાં

(C) એક અઠવાડિયાથી ઓછા સમયમાં

(D) એક દિવસથી ઓછા સમયમાં

77. Which of the following is *not* a buffer state ?

(A) Nepal

(B) Bhutan

(C) Bangladesh

(D) Myanmar

78. Rann of Kutch belongs to :

(A) Fresh water marshy land

(B) Sandy desert

(C) Saline wasteland

(D) Badland

79. D.P.A.P. in regional planning stands for :

(A) District Planning and Alleviation of Poverty

(B) Drought Prone Area Program

(C) Drought Program and Action Plan

(D) District Planning for Agricultural Production

77. નીચેના પૈકી કયું 'બફર સ્ટેટ' (મધ્યવર્તી રાજ્ય) નથી ?

(A) નેપાલ

(B) ભૂતાન

(C) બાંગ્લાદેશ

(D) મ્યાનમાર

78. કચ્છનું રણ કયા પ્રકારનું છે ?

(A) મીઠા પાણીનો કાદવકીચડવાળો પ્રદેશ

(B) રેતીનું રણ

(C) ખારો ખરાબાનો પ્રદેશ

(D) ખરાબ જમીનનો પ્રદેશ

79. પ્રાદેશિક આયોજનમાં D.P.A.P. નો અર્થ છે :

(A) ડિસ્ટ્રીક પ્લાનીંગ એન્ડ એલિવેશન ઓફ પોવર્ટી

(B) ડ્રોટ પ્રોન એરિયા પ્રોગ્રામ

(C) ડ્રોટ પ્રોગ્રામ એન્ડ એકશન પ્લાન

(D) ડિસ્ટ્રીક પ્લાનીંગ ફોર એગ્રીકલ્ચરલ પ્રોડકશન

80. Which percentile is equivalent to the median ?

(A) 25th

(B) 50th

(C) 75th

(D) 100th

81. The Schaefer Hartshorne debate of the 1950s brought about a distinctive shift in emphasis from :

(A) Areal differentiation to spatial integration

(B) Physical geography to human geography

(C) Neo-determinism to possibilism

(D) Radicalism to humanism

82. The dinosaurs group of animals are related to :

(A) Palaeozoic era

(B) Mesozoic era

(C) Cainozoic era

(D) Azoic era

80. મધ્યક કેટલાં શતમક (પર્સેન્ટાઈલ) બરાબર છે ?

(A) 25

(B) 50

(C) 75

(D) 100

81. ઈ.સ. 1950 માં સિફર હાર્ટશોર્ન ચર્ચા દરમ્યાન બદલાતી કઈ બાબત પર વિશેષ ભાર મૂકયો હતો ?

(A) ક્ષેત્રીય બદલાવથી જગ્યાઓના (સ્થાનના) સંકલન પર

(B) ભૌતિક ભૂગોળથી માનવભૂગોળ

(C) નવ–નિયતિવાદથી સંભવવાદ

(D) મૌલિકવાદથી માનવવાદ

82. કયા ભૂસ્તરીય કલ્પ (era) દરમ્યાન ડાયનોસોર પ્રકારના પ્રાણીઓ જોવા મળતા હતા :

(A) પેલીયોઝોઈક કલ્પ

(B) મેસોઝોઈક કલ્પ

(C) કેનોઝોઈક કલ્પ

(D) ઈઓઝોઈક કલ્પ

Prepp
Your Personal Exams Guide

83. On a clear summer day the surface of the land is usually warmer than the surface of a nearby sea because :

(A) land receives less insolation

(B) land reflects less insolation

(C) land has higher specific heat

(D) land has lowest specific heat

84. A food chain consists of :

(A) Producers, primary consumers, carnivores

(B) Primary producers, herbivores, carnivores

(C) Producers, carnivores, decomposers

(D) Producers, consumers, decomposers

83. સ્વચ્છ આકાશ ધરાવતા ઉનાળાના દિવસે જમીનસપાટીનું તાપમાન સામાન્ય રીતે તેની નજીકના સમુદ્રના પાણીની સપાટીના તાપમાન કરતાં વધુ જોવા મળે છે કારણ કે :

(A) જમીન ઓછો સૂર્યાઘાત મેળવે છે

(B) જમીન ઓછું સૂર્યાઘાત પરાવર્તન કરે છે

(C) જમીન વધુ વિશિષ્ટ ઉષ્મા ધરાવે છે

(D) જમીન પર ઓછી વિશિષ્ટ ઉષ્મા હોય છે

84. ખોરાક શ્રૃંખલાનો ક્રમ છે :

(A) ઉત્પાદક, પ્રાથમિક ઉપભોક્તા, માંસાહારી

(B) પ્રાથમિક ઉપભોક્તા, તૃણભક્ષી, માંસાહારી

(C) ઉત્પાદક, માંસાહારી, વિઘટનકર્તા

(D) ઉત્પાદક, ઉપભોક્તા, વિઘટનકર્તા

Prepp
Your Personal Exams Guide

85. 'Area not available for cultivation' was >15% at the time of independence and it declined to < 10% in 2012. This was a result of which of the following factors ?

(*i*) Expansion in the area under housing

(*ii*) Decrease in the percentage of barren and uncultivable land

(*iii*) Increase in the catchment area of rivers and deserts

(A) (*i*) and (*ii*)

(B) (*ii*) and (*iii*)

(C) (*i*) and (*iii*)

(D) All the three

85. ભારત સ્વતંત્ર થયું તે સમયે ખેતી માટે ઉપયોગમાં ન આવતાં વિસ્તારની ટકાવારી 15% કરતાં વધુ હતી, પરંતુ 2012 માં તેનું પ્રમાણ 10% કરતાં પણ ઓછું છે. તેના કારણો નીચે મુજબ છે.

(*i*) ગૃહનિર્માણ હેઠળના વિસ્તારમાં થયેલ વધારો.

(*ii*) પડતરભૂમિ અને બિનઉપયોગી ભૂમિમાં થયેલો ઘટાડો.

(*iii*) નદીનાં સ્ત્રાવ વિસ્તાર અને રણવિસ્તારમાં થયેલો વધારો.

(A) (*i*) અને (*ii*)

(B) (*ii*) અને (*iii*)

(C) (*i*) અને (*iii*)

(D) ઉપરનાં ત્રણેય

86. Census of India considers a person under the category of 'main worker', if he/she is engaged in any economically productive work (physical/mental) for more than how many days in a year ?

(A) 175

(B) 183

(C) 200

(D) 210

86. 'મુખ્ય શ્રમિક' ની ભારતીય જનગણનાની વ્યાખ્યા પ્રમાણે વર્ષના કેટલા દિવસ માટે વ્યક્તિ આર્થિક ઉત્પાદન પ્રવૃત્તિમાં રોકાયેલ હોવા જોઈએ ?

(A) 175

(B) 183

(C) 200

(D) 210

87. Which of the following is Polytheistic ?
(A) Christianity
(B) Hinduism
(C) Islam
(D) Zoroastrianism

87. નીચેના પૈકી કયા ધર્મમાં અનેક દેવવાદને સમર્થન અપાયું છે ?
(A) ખ્રિસ્તી
(B) હિંદુ
(C) ઇસ્લામ
(D) ઝેરોસ્ટ્રીઆનિઝમ

88. Saurashtra plateau has which type of drainage ?
(A) Radial
(B) Parallel
(C) Trellis
(D) None of the above

88. સૌરાષ્ટ્રના ઉચ્ચપ્રદેશમાં જળપરિવાહ કઈ તરાહનો છે ?
(A) ત્રિજ્યા જળપરિવાહ
(B) સમાંતર જળપરિવાહ
(C) જાળીઆકાર જળપરિવાહ
(D) ઉપર પૈકી એક પણ નહીં

89. NCR refers to which of the following ?
(A) National corridor region
(B) National capital region
(C) National and central railway
(D) National central region

89. NCR નો અર્થ નીચેનામાંથી કયો છે ?
(A) નેશનલ કોરીડોર રીજીયન
(B) નેશનલ કેપિટલ રીજીયન
(C) નેશનલ અને સેન્ટ્રલ રેલ્વે
(D) નેશનલ સેન્ટ્રલ રીજીયન

prepp
Your Personal Exams Guide

90. PRA technique is used for collection of :

(A) Primary data

(B) Secondary data

(C) Vector data

(D) Raster data

91. Who was the first to propose the elliptical movement of the celestial bodies ?

(A) Copernicus

(B) Galileo

(C) Kepler

(D) Newton

92. 'Colluviam' belongs to which of the following deposits ?

(A) Fluvial

(B) Glacial

(C) Limestone

(D) Aeolian

90. કયા પ્રકારની માહિતી એકત્રિત કરવા માટે PRA પદ્ધતિ વપરાય છે ?

(A) પ્રાથમિક માહિતી

(B) દ્વિતિય/ગૌણ માહિતી

(C) વેક્ટર માહિતી

(D) રાસ્ટર માહિતી

91. અવકાશી પદાર્થો લંબગોળ કક્ષામાં ફરે છે તેવું સૌ પ્રથમ કયા વિદ્વાને કહ્યું હતું ?

(A) કોપરનિકસ

(B) ગેલેલિયો

(C) કેપ્લર

(D) ન્યુટન

92. 'કોલ્યુવિયમ' કયા નિક્ષેપનને કારણે બને છે ?

(A) નદીકૃત

(B) હિમનદીકૃત

(C) ચુનાના પથ્થર

(D) પવનકૃત

Prepp
Your Personal Exams Guide

93. According to Koppen's climatic classification, BSH represents :

(A) Tropical savanna climate

(B) Tropical steppe, semi-arid hot climate

(C) Tropical desert climate

(D) Tropical moist deciduous climate

94. **Statement I :**

Deforestation leads to floods and soil erosion.

**Statement II :**

Floods and soil erosion are because of the silting of river channels.

(A) Both statements I and II are correct and statement II is the correct explanation to statement I

(B) Both statements I and II are correct but statement II is not the correct explanation to statement I

(C) Statement I is correct but statement II is incorrect

(D) Statement I is incorrect but statement II is correct

93. કોપેન દ્વારા આપવામાં આવેલ આબોહવાના વર્ગીકરણમાં BSH કેવી આબોહવા રજૂ કરે છે ?

(A) ઉષ્ણકટિબંધીય સવાના આબોહવા

(B) ઉષ્ણકટિબંધીય સ્ટેપી, અર્ધ શુષ્ક ગરમ આબોહવા

(C) ઉષ્ણકટિબંધીય રણની આબોહવા

(D) ઉષ્ણકટિબંધીય આર્દ્ર ખરાઉ આબોહવા

94. **વિધાન I :**

વન નાબૂદીના કારણે પૂર અને જમીન ધોવાણની વેગ વધે છે.

**વિધાન II :**

નદીઓમાં કાંપ જમા થવાને કારણે પૂર અને જમીન ધોવાણની પ્રક્રિયા થાય છે.

(A) બંને વિધાનો સાચાં છે. વિધાન II એ વિધાન I નું સાચું સ્પષ્ટીકરણ છે

(B) બંને વિધાનો સાચાં છે. પણ વિધાન II એ વિધાન I નું સાચું સ્પષ્ટીકરણ નથી

(C) વિધાન I સાચું છે જ્યારે વિધાન II ખોટું છે

(D) વિધાન I ખોટું છે જ્યારે વિધાન II સાચું છે

Prepp
Your Personal Exams Guide

95. What is the process of De-agriculturalisation ?

(A) Shift of main workers from agricultural sector to non-agricultural sector

(B) Shift from subsistence farming to intensive farming

(C) Increase of agricultural efficiency and productivity

(D) Use of Hyvs, pesticides and intesecticide

96. The first census of India was conducted in the year :

(A) 1872

(B) 1891

(C) 1911

(D) 1931

97. Which state of India has not reported any Scheduled Tribe in its population in the census count ?

(A) Andhra Pradesh and Madhya Pradesh

(B) Himachal Pradesh and Arunachal Pradesh

(C) West Bengal and Kerala

(D) Punjab and Haryana

95. બિન–ખેતીકરણની પ્રક્રિયા શું છે ?

(A) મુખ્ય મજૂરોનું ખેતી પ્રવૃત્તિમાંથી બિન–ખેતીકીય પ્રવૃત્તિ તરફ જવું

(B) નિર્વાહલક્ષી ખેતી તરફથી સઘન ખેતી તરફ જવું

(C) ખેતીની ક્ષમતા અને ઉત્પાદકતામાં વધારો થવો

(D) વધુ ઉત્પાદન આપતાં બિયારણ, જંતુનાશક દવાઓનો ઉપયોગ વધવો

96. ભારતમાં પ્રથમ જનગણના કયા વર્ષમાં હાથ ધરવામાં આવી હતી ?

(A) 1872

(B) 1891

(C) 1911

(D) 1931

97. ભારતના કયા રાજ્યોમાં કોઈ પણ અનુસૂચિતજાતિની વસ્તી તેની જનગણનામાં દર્શાવેલ નથી ?

(A) આંધ્રપ્રદેશ અને મધ્યપ્રદેશ

(B) હિમાચળ પ્રદેશ અને અરુણાચલ પ્રદેશ

(C) પશ્ચિમ બંગાળ અને કેરાલા

(D) પંજાબ અને હરિયાણા

www.prepp.in

98. Which one of the following is *not* correctly matched ?

| Dams | Rivers |
|---|---|
| (A) Balimela Dam | Indravati |
| (B) Nagarjun Sagar Dam | Krishna |
| (C) Nira Dam | Tungabhadra |
| (D) Rana Pratap Sagar Dam | Chambal |

99. Regional desparity in development arises out of :

(A) Terrain variation

(B) Resource variation

(C) Resource allocation

(D) All the three

100. The small 'b' in the regression equation implies :

(A) Intercept

(B) Coefficient

(C) Quartile

(D) Variance

98. નીચેના પૈકી કયું જોડકું સાચું નથી ?

| બંધ | નદી |
|---|---|
| (A) બાલીમેલા બંધ | ઈન્દ્રાવતી |
| (B) નાગાર્જુન સાગર બંધ | ક્રિષ્ના |
| (C) નીરા બંધ | તુંગભદ્રા |
| (D) રાણા પ્રતાપ સાગર બંધ | ચંબલ |

99. કયાં કારણે પ્રાદેશિક વિષમતા વિકાસ પામે છે ?

(A) ભૂભાગીય તફાવત

(B) સંસાધન તફાવત

(C) સંસાધન વહેંચણી

(D) ઉપરનાં ત્રણેય

100. રીગ્રેશનના સૂત્રમાં 'b' નો અર્થ શું થાય ?

(A) ઈન્ટરસેપ્ટ

(B) કોઈફિશન્ટ

(C) કવારટાઈલ

(D) વેરીયન્સ

www.prepp.in

## ROUGH WORK

SEAL